# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


નં. કેસીજી/શોધ/૨૦૨૧-૨૨/2131 તા.૦૯/૦૨/૨૦૨૨

પ્રતિ,

નોડલ ઓફિસર, શોધ

તમામ યુનિવર્સિટી

**વિષય:** શોધ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ અન્વયે ઓનલાઈન અરજીઓની તારીખ લંબાવવા બાબત

સ્નેહીશ્રી,

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫/૦૮/૨૦૧૯થી રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા શોધ (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થા ખાતે પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧/૦૭/૨૦૧૮ પછી પ્રવેશ મેળવેલ હોય અને સંશોધન માટે રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની કોઈ શિષ્યવૃત્તિ મેળવતો ન હોય કે કોઈપણ રીતે આવક મેળવતા ન હોય અને ઠરાવની અન્ય શરતો સંતોષતા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત લાભ મેળવવા અરજી કરી શકે છે. ઉપર મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ mysy.guj.nic.in/shodh વેબસાઈટ પર તા.૧૫/૦૧/૨૦૨૨ થી ૧૫/૦૨/૨૦૨૨ ૧૭.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવા જાહેરાત આપવામાં આવેલ હતી. **વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં લેતાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૮/૦૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવે છે.** જેની નોંધ લઇ આપની યુનિવર્સીટી અને સંલગ્ન કોલેજોમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને શોધ યોજના અંતર્ગત **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૮/૦૨/૨૦૨૨** વિષે જાણ કરવા વિનંતી.

અભારસહ,

પ્રો.એ.યુ.પટેલ, 9-2-22

એડવાઈઝર, કેસીજી

પૂર્વ કુલપતિ,

ગુજરાત યુનિવર્સિટી

નકલ રવાના જાણ સારું

1. પી.એ. ટુ કમિશ્નરશ્રી, ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર, ગુ.રા.
2. કુલપતિશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય
3. રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય


**Pragna Puram,** Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.

Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in